શ્રી કૃષ્ણં વંદે જગદ્‌ગુરૂમ્

## <u>''શ્રીમદ્ ભગવદ્‌ગીતા પાઠશાળા સંસ્થાન ટ્રસ્ટ''</u>

૧૦૯, ભવાની આર્કેડ, મામલતદાર કચેરી રોડ, ગઢડા (સ્વા.)
સંપર્ક :- ૯૪૨૬૯૭૯૮૧૨, ૯૪૨૭૨૩૩૫૯૪

આદરણીય,
આચાર્યશ્રી / સંચાલકશ્રી,

જય શ્રીકૃષ્ણ. સવિનય જણાવવાનું કે, ગઢડા ખાતે વર્ષ-૨૦૦૪ થી શ્રીમદ્ ભગવદ્‌ગીતા પાઠશાળા કાર્યરત છે અને હાલ સદર પાઠશાળા **<u>''શ્રીમદ્ ભગવદ્‌ગીતા પાઠશાળા સંસ્થાન ગઢડા''</u>**ના નામ પરથી નોંધાયેલ ટ્રસ્ટ છે. જે ટ્રસ્ટની સાથે કુલ પંદર શૈક્ષણિક સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે જોડાયેલ છે.

આ ટ્રસ્ટની મુખ્ય પ્રવૃત્તિ શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો પ્રચાર - પ્રસાર કરવા અંગેની છે. સાથોસાથ શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર વિષય શિક્ષણ જ નહીં પણ તેની સાથે સંસ્કાર તેમજ મૂલ્ય ઘડતર અંગેનો કોન્સેપ્ટ પણ વિદ્યાર્થીઓમાં વિકસે તે અંગેનો છે.

જો આપની સંસ્થા અમારા ટ્રસ્ટ સાથે જોડાવા ઈચ્છતી હોય અને ગીતા પાઠશાળા પ્રવૃત્તિમાં રસ ધરાવતી હોય તો નીચે જણાવેલ બાબતો અંગેની સંમતિ જણાવવા મહેરબાની કરશો.

૧. અઠવાડીયામાં કોઈ એક દિવસ એક કલાક માટે આપની શાળામાં પાઠશાળા પ્રવૃત્તિ કરવા આપની શાળા તૈયાર છે કે કેમ..?

૨. પાઠશાળા પ્રવૃત્તિમાં ગીતાજીના શ્લોકોનું ગાન,અર્થગ્રહણ તેમજ તેને આનુષંગિક વિવિધ કસોટીઓનું આયોજન કરવા માટે અમારા ટ્રસ્ટ તરફથી આપને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

૩. આપની શાળામાં પાઠશાળા પ્રવૃત્તિ શરૂ થયેથી તેમાં યોજાતી સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સહ ઈનામો તેમજ પાઠશાળામાં જોડાયેલ દરેક વિદ્યાર્થીને ગીતાજીની એક પુસ્તિકા અમારા ટ્રસ્ટ તરફથી આપવામાં આવશે.

૪. પાઠશાળાના સંચાલક શિક્ષકોના નામ તેમજ જોડાયેલ વિદ્યાર્થીઓના નામની યાદી કાર્યક્રમ અગાઉ આપે મોકલાવવાની રહેશે.

૫.  આપની શાળા / સંસ્થામાં પાઠશાળાનો પ્રારંભ કરવા સંબંધે આપ કોઈ કાર્યક્રમ યોજવા માંગતા હોવ તો આપને અનુકૂળ હોય તેવી ત્રણ તારીખો અમોને મોકલવાની રહેશે.

ઉપર જણાવ્યા મુજબ આપની સંસ્થામાં પાઠશાળા પ્રવૃત્તિનો આપ પ્રારંભ કરવા ઈચ્છતા હો તો આપની સંમતિ લખી મોકલાવશો તેમજ સંમતિ પ્રાપ્ત થયે અમો આપને રૂબરૂ મળશું.

**સહસંચાલકશ્રી,**
**ગીતા પાઠશાળા - ગઢડા.**

**સંચાલકશ્રી,**
**ગીતા પાઠશાળા - ગઢડા.**